પ્રસ્તુત તસવીરમાં બાળકો સૈન્યના ટેન્ક જેવી બરફની ગાડી પર બેસેલા નજરે પડે છે, બીજિંગમાં ચંદ્ર નવવર્ષના બીજા દિવસે લોંગટમ પાર્ક મંદિરના મેળા દરમિયાન આ પાર્કમાં દેખાતો બરફ કૃત્રિમ છે.

દેવા - શાહીદનો અભિનય શાનદાર પણ ફિલ્મ એટલી જોરદાર નથી



આ ફિલ્મ એક બહાદુર પોલીસ જવાનની વાર્તા છે. દેવ આંબ્રે એક બહાદુર પોલીસ ઈન્સ્પેક્ટર છે જે કોઈ પણ ગુનેગારને છોડતો નથી. તેણે તેના સાથીદાર, એસીપી રોહન ડી'સિલ્વાની હત્યાની તપાસ પૂર્ણ કરી હતી.

પરંતુ તે પોતાનો રિપોર્ટ નોંધાવે તે પહેલાં, તે એક માર્ગ અકસ્માતનો ભોગ બને છે અને તેની યાદશક્તિ ગુમાવે છે. તેથી, આંશિક સ્વસ્થ થયા પછી, તેને ખૂનીનું નામ યાદ આવતું નથી. તે તપાસ ફરીથી કરે છે અને અંતે ખૂનીનું નામ અને હેતુ જાહેર કરે છે. આ ફિલ્મ મલયાલમ ફિલ્મ મુંબઈ પોલીસની રીમેક છે.

બોબી સંજયે એક અલગ અને અસામાન્ય વાર્તા લખી છે. બોબી સંજય, અબ્બાસ દલાલ, હુસૈન દલાલ, અરશદ સૈયદ અને સુમિત અરોરા દ્વારા લખાયેલ પટકથા જેટલી રોમાંચક હોવી જોઈએ તેટલી રોમાંચક નથી.

શાહીદ કપૂરે મુખ્ય ભૂમિકામાં અદ્ભુત કામ કર્યું છે. તેનો અભિનય શાનદાર છે જ્યારે તેના એક્શન દ્રશ્યો રોમાંચક છે અને ડાન્સમાં તેણે કમાલ કરી છે.

રોશન એન્ડ્રયુઝનું નિર્દેશન સામાન્ય છે અને ક્લાસ દર્શકો માટે છે. અમુક સમયે તેની વાર્તા કહેવાની રીત કન્ફ્યુઝ્ડ છે.

વિશાલ મિશ્રાનું સંગીત સારું છે. ભસડ ગીત સામાન્ય લોકોને પસંદ આવે તેવું છે.

અભિનેતાઃ શાહિદ કપૂર, પૂજા હેગડે, પાવેલ ગુલાટી, કુબ્રા સૈત, પ્રવેશ રાણા **નિર્માતાઃ** ઝી સ્ટુડિયો, રોય કપુર ફિલ્મ્સ **નિર્દેશકઃ** રોશન એંડ્રયુઝ

મૂવી રિવ્યુ

અમર સોલંકી દ્વારા

ફિલ્મ: દેવા (યુ-એ)

રેટીંગ: ★☆☆☆☆

એક લાઈનનો પ્રતિભાવ: શાહીદના ફેન છો અને સાઉથની એક્શન ફિલ્મો ગમતી હોય તો દેવા જોઈ શકો છો

પેજ 3

ગૌતમ અદાણીના પુત્ર જીતના લગ્નમાં સ્ટાર્સની હાજરી નહીં હોય

નવી દિલ્હી, તા. 31: ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના પુત્ર જીત અદાણી અને દિવા શાહના 7 ફેબ્રુઆરીના રોજ યોજાનાર લગ્નમાં પરંપરા અને સામાજિક જવાબદારી દેખાઈ આવશે. પરિવારે ટેલર સ્વિફ્ટ જેવા વૈશ્વિક હસ્તી સાથે આ લગ્ન સ્ટાર્સથી ભરપૂર હશે તેવી અફવાઓને ફગાવી દીધી છે. સમાવિષ્ટતા અને સશક્તિકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે લગ્નની ઉજવણીઓ ધ્યાન ખેંચી રહી છે.

7 ફેબ્રુઆરીએ અમદાવાદમાં આયોજિત લગ્નમાં નજીકના સંબંધીઓ અને મિત્રોને જ આમંત્રણ આપવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે. આ અઠવાડિયાની શરૂઆતમાં, ટૂંક સમયમાં લગ્ન કરવા જઈ રહેલા આ દંપતીએ મુંબઈ એરપોર્ટ પર દિવ્યાંગ લોકો દ્વારા સંચાલિત મિઠ્ઠી કાફેની મુલાકાત લીધી હતી, જેથી કાફે ટીમને તેમના લગ્નમાં આમંત્રણ આપી શકાય. જીત અદાણી અને દિવા શાહના લગ્નમાં અદાણી ગ્રુપ દ્વારા સમર્થિત અનેક એનજીઓને સામેલ કરાશે. લગ્નની ઉજવણીમાં વિવિધ એનજીઓ અને કારીગરો તરફથી યોગદાન આપવામાં આવશે. લગ્નમાં મહેમાનોને 400 કારીગરો દ્વારા ખાસ વણાયેલી હાથવણાટવાળી પૈઠાણી સાડીઓ મળશે.

આમિર ખાનના જીવનમાં ફરી 59 વર્ષની એક મહિલા

મુંબઈ, તા. 31: બોલિવુડ મિસ્ટર પરફેક્શનિસ્ટ એટલે કે આમિર ખાન પોતાની ફિલ્મો ઉપરાંત પોતાના અંગત જીવન માટે પણ ચર્ચામાં રહે છે. અભિનેતાના બે વખત છુટાછેડા થયા છે. ત્યારે તેના જીવનમાં ફરીથી 'લવ'નો પ્રવેશ થયો છે. મળતા સમાચાર મુજબ આમિર 59 વર્ષની એક મહિલા સાથે રિલેશનશિપમાં છે જે બેંગ્લુરૂમાં રહે છે.

એક મીડિયા અહેવાલ મુજબ આમિર એક મહિલા સાથે રિલેશનમાં છે, એટલું જ નહીં તેણે તે મહિલાની મુલાકાત પોતાના પરિવાર સાથે પણ કરાવી હતી. જો કે હજુ સુધી બંનેના લગ્ન અંગે કોઈ માહિતી મળી નથી. જો કે સૂત્રોએ તે મહિલાનું નામ જણાવ્યું ન હતું.

સૈફ પર હુમલો કેસ: ચહેરાની ઓળખ પરીક્ષણમાં આરોપીની પુષ્ટી થઈ

મુંબઈ, તા.31 (પીટીઆઈ): ચહેરાની ઓળખ પરીક્ષણમાં પુષ્ટિ મળી છે કે સૈફ અલી ખાનને ચપ્પુ મારવાના આરોપમાં ધરપકડ કરાયેલા બાંગ્લાદેશી વ્યક્તિનો ચહેરો અભિનેતાની ઈમારતના સીસીટીવી ફૂટેજમાં દેખાતા વ્યક્તિ સાથે મેળ ખાય છે, એમ પોલીસે જણાવ્યું હતું. શુક્રવારે એક અધિકારીએ જણાવ્યું હતું કે પરીક્ષણ અહેવાલ મુજબ, 16 જાન્યુઆરીના હુમલા માટે ધરપકડ કરાયેલ 30 વર્ષીય શરીફુલ ઇસ્લામ શહેઝાદ મોહમ્મદ રોહિલા અમીન ફકીર એ જ વ્યક્તિ હતો જે બાંદ્રાના સતગુરુ શરણ બિલ્ડિંગની સીસીટીવી ફૂટેજમાં દેખાયો હતો. તેમણે કહ્યું કે ચહેરાની ઓળખ ટેકનોલોજીએ કેસને ઉકેલવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે.

બુધવારે મુંબઈની એક અદાલતે આરોપીને 14 દિવસની ન્યાયિક હિરાસતમાં મોકલ્યો હતો.

કેનેડા અને મેક્સિકો પર પચ્ચીસ ટકા ટેરિફ લાદવાની ટ્રમ્પની જાહેરાત

આજે આ વેરાઓ લાદવામાં આવશે, ચીન સામે પણ આવા જ પગલા ભરવાની ચિમકી

જો કે આ ટેરિફથી અમેરિકામાં અનેક ચીજ વસ્તુઓ મોંઘી થવાના એંધાણ

વૉશિંગ્ટન, તા. ૩૧(પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકાના બે પાડોશી દેશો કેનેડા અને મેક્સિકોથી આયાત થતી વસ્તુઓ પર ૨૫ ટકા આયાત વેરો લાદવાની યોજનાની આજે જાહેરાત કરી હતી, અને ચીન સામે પણ આવા જ પગલા લેવાની વિચારણાની પ્રક્રિયા ચાલુ હોવાનું જણાવ્યું હતું.

ટ્રમ્પે જણાવ્યું હતું કે જે વસ્તુઓ પર ટેરિફ લાદવાનો છે તેમાં ઓઈલનો સમાવેશ કરવો કે નહીં તે બાબતે તેઓ બાદમાં નિર્ણય લેશે. અમે કેનેડા અને મેક્સિકો પર સંખ્યાબંધ કારણોસર જાહેર કરી રહ્યા છીએ એમ પ્રમુખે ગુરુવારે વ્હાઇટ હાઉસની ઓવલ ઓફિસમાં પત્રકારોને જણાવ્યું હતું. તેમણે આ ટેરિફ માટેના કારણ તરીકે ગેરકાયદે ઇમિગ્રેશન, ડ્રગ્સની દાણચોરી અને ખાધના સ્વરૂપમાં અમેરિકા કેનેડા અને મેક્સિકોને જે જંગી સબસીડીઓ આપે છે તેને ટેરિફના કારણ તરીકે દર્શાવ્યા હતા. આ ટેરિફ સમય સાથે વધી પણ શકે અને નહીં પણ વધી શકે એમ ટ્રમ્પે કહ્યું હતું. ઓઈલ પર ટેરિફ લાદવું કે નહીં તે અંગે સ્થાનિક સમય પ્રમાણે ગુરુવારે રાત્રે નિર્ણય લેવાનું ટ્રમ્પે જણાવ્યું હતું.

અને જ્યારે કેનેડા અને મેક્સિકો પરના ૨૫ ટકા ટેક્સ અમલી બનશે તે સાથે અમેરિકામાં અનેક ચીજવસ્તુઓ મોંઘી બની શકે છે. અવાકાડો જેવા ફળથી માંડીને પિકઅપ ટ્રક જેવા ઓટોવાહનો, કે જે અમેરિકામાં આયાત થાય છે તેમની અમેરિકામાં કિંમત વધી શકે છે. વળી, આ દેશો અમેરિકાથી તેમને ત્યાં આયાત થતા માલ પર વળતા પગલા પણ લાદી શકે છે. અમેરિકાના શરાબ માટે કેનેડા વિશ્વનું બીજા ક્રમનું સૌથી મોટું બજાર છે અને કેનેડાના ઓન્ટારિયો પ્રાંતના વડાએ ધમકી આપી છે કે તેઓ દુકાનોમાં અમેરિકી દારૂ વેચાતો બંધ કરાવી શકે છે.

અમેરિકામાં વિમાન-હેલિકોપ્ટર અકસ્માતના મૃતકોમાં બે ભારતીય મૂળના

એરોસ્પેસ એન્જિનીયર વિકેશ પટેલ અને અસરા હુસૈન મૃતકોમાં સામેલ

અસરા હુસૈને વિમાન લેન્ડ થતાં પહેલાં પોતાનાં પતિને મેસેજ કર્યો હતો

વોશિંગ્ટન, તા. 31 (પીટીઆઈ): અમેરિકાના રોનાલ્ડ રીગન નેશનલ એરપોર્ટ પર આર્મી હેલિકોપ્ટર અને જેટલાઈનર વચ્ચે થયેલા અકસ્માતમાં માર્યા ગયેલા 67 લોકોમાં ઓછામાં ઓછા બે ભારતીય મૂળનાં લોકો હતાં, એમ મીડિયા અહેવાલમાં જણાવાયું હતું.

જીઈ એરોસ્પેસ એન્જિનીયર વિકેશ પટેલ અને વોશિંગ્ટન, ડીસીમાં રહેતી કન્સલ્ટન્ટ અસરા હુસૈન રઝા મૃતકોમાં સામેલ હતાં.

ગ્રેટર સિનસિનાટીમાં રહેતા વિકેશ પટેલનું પદ હાલમાં જ બદલવામાં આવ્યું હતું, એમઆરઓ ટ્રાન્સફોર્મેશન લીડર તરીકે તેમને દેશભરમાં મુસાફરી કરવી પડતી હતી, એમ તેમના લિન્કેડઈન પેજથી જાણવા મળ્યું હતું. જીઈ એરોસ્પેસના ચેરમેન અને સીઈઓ લેરી કલ્પે તેમનાં મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો અને આ બનાવને કંપની માટે મોટી ખોટ ગણાવ્યો હતો.

2001 પછી અમેરિકામાં સૌથી ભયંકર હવાઈ ક્સ્માત, અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટ 5342 બુધવારે રાત્રે એરપોર્ટ નજીક આવતા આર્મી હેલિકોપ્ટર સાથે અથડાઈ ત્યારે બન્યો હતો.

26 વર્ષીય રઝા, બીજી ભારતીય મૂળની હતી. ભારતીય ઈમિગ્રન્ટ્સનાં પુત્રી, રઝાએ 2020માં ઈન્ડિયાના યુનિવર્સિટીમાંથી હોનર્સ સાથે સ્નાતક થયાં અને ઓગસ્ટ 2023માં તેમનાં કોલેજના પ્રેમિ સાથે લગ્ન કર્યા, એમ તેમના સસરા હાશિમે જણાવ્યું હતું.

રઝા વોશિંગ્ટન, ડીસી સ્થિત કન્સલ્ટન્ટ હતાં જે ત્યાંની હોસ્પિટલ માટે ટર્નઅરાઉન્ડ પ્રોજેક્ટ પર કામ કરવા માટે મહિનામાં બે વાર વિચિટા જતાં હતાં, એમ તેમના સસરાએ જણાવ્યું. પોટોમેક દુર્ઘટનામાં મૃત્યુ પામેલા રઝાનાં પતિએ જણાવ્યું હતું કે તેમની પત્નીએ તેમને મેસેજ કર્યો હતો કે 'અમે 20 મિનિટમાં લેન્ડ કરી રહ્યા છીએ', પરંતુ જ્યારે તે તેમને લેવા માટે એરપોર્ટ પહોંચ્યો ત્યારે તેનું જીવન હંમેશ માટે બદલાઈ ગયું હતું.

નિયંત્રણ રેખા પર સેનાએ ઘુસણખોરીનો પ્રયાસ નિષ્ફળ કર્યો, બે ત્રાસવાદીઓ ઠાર મરાયા

ત્રાસવાદીઓ લશ્કર-એ-તૈયબા (એલઈટી) સાથે જોડાયેલા હતા

મૃત ત્રાસવાદીઓ પાસેથી 3 એકે રાઈફલ અને મોટી માત્રામાં દારૂગોળો મળી આવ્યો

જમ્મુ, તા. 31 (પીટીઆઈ): જમ્મુ અને કાશ્મીરના પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પર ઘુસણખોરીના મોટા પ્રયાસને નિષ્ફળ બનાવવામાં આવ્યો હતો જેમાં પાકિસ્તાન સ્થિત લશ્કર-એ-તૈયબા (એલઈટી) સાથે જોડાયેલા ભારે હથિયારોથી સજ્જ બે ત્રાસવાદીઓ ગોળીબારમાં માર્યા ગયા હતા, એમ અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું.

આ ઘટના ગુરુવારે પૂંછ જિલ્લાના ખારી કરમારા વિસ્તારમાં બની હતી અને આજે બપોરે છેલ્લા અહેવાલો મળ્યા ત્યારે એક વિશાળ શોધ અભિયાન ચાલી રહ્યું હતું, એમ તેમણે જણાવ્યું હતું.

'ગઈકાલે રાત્રે પૂંછ સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ત્રાસવાદીઓની હિલચાલ જોવા મળી હતી. સતર્ક સૈનિકોએ ઘુસણખોર ત્રાસવાદીઓ પર હુમલો કર્યો, જેના કારણે તીવ્ર અને ભારે ગોળીબાર શરૂ થયો', એમ સેનાના જમ્મુ સ્થિત વ્હાઈટ નાઈટ કોર્પ્સ એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

સેનાએ જણાવ્યું હતું કે આખી રાત ઓપરેશન ચાલુ રહ્યું, જેમાં બે ત્રાસવાદીઓને ઠાર મારવામાં આવ્યા હતા. અત્યાર સુધી આ વિસ્તારની શોધખોળમાં અનેક શસ્ત્રો અને યુદ્ધ જેવા ભંડાર મળી આવ્યા છે, એમ તેમાં જણાવાયું હતું. ઉધમપુર સ્થિત ઉત્તરી કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ લેફ્ટનન્ટ જનરલ એમ.વી. સચિન્દ્ર કુમારે બે ત્રાસવાદીઓને ઠાર મારવામાં અને પૂંચમાં યુદ્ધ જેવા ભંડાર મેળવવામાં તેમની ઝડપી કાર્યવાહી માટે વ્હાઈટ નાઈટ કોર્પ્સની પ્રશંસા કરી હતી.

ભારતીય સેના જમ્મુ અને કાશ્મીરને ત્રાસવાદ મુક્ત રાખવાની તેની પ્રતિબદ્ધતા પર અડગ છે, એમ આર્મી કમાન્ડરે એક્સ પર જણાવ્યું હતું.

મૃત ત્રાસવાદીઓ પાસેથી 3 એકે રાઈફલ અને મોટી માત્રામાં દારૂગોળો મળી આવ્યો હતો, તેમની ઓળખ હજી થઈ નથી, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સુનીતા વિલિયમ્સે મહિલા અવકાશયાત્રી દ્વારા સ્પેસવૉકનો નવો વિક્રમ સર્જ્યો

ગુરુવારે ૫ કલાક અને ૨૬ મીનિટનું સ્પેસવૉક કર્યું, તે સાથે તેમનું કુલ સ્પેસ વૉક ૬૨ કલાક અને ૬ મિનીટનું થયું, પેગી વ્હીટસનનો ૬૦ કલાક ૨૧ મિનીટનો રેકર્ડ તોડ્યો

નાસાના તમામ અવકાશયાત્રીઓના સ્પેસવૉકના સમયની બાબતમાં સુનીતાનો ચોથો ક્રમ, અત્યાર સુધી કુલ નવ સ્પેસવૉક કર્યા



વોશિંગ્ટન, તા. ૩૧ (પીટીઆઈ): ભારતીય મૂળના અવકાશયાત્રી સુનીતા વિલિયમ્સે ૬૨ કલાક અને ૬ મિનિટનું સ્પેસવૉક કરીને એક મહિલા દ્વારા કરાયેલ કુલ સ્પેસવૉક સમયનો રેકોર્ડ તોડ્યો છે.

વિલિયમ્સ અને તેમના સાથીદાર બુચ વિલ્મોરે, જેઓ જૂન ૨૦૨૪ થી આંતરરાષ્ટ્રીય અવકાશ મથક (ISS) પર ફસાયેલા છે, તેમણે ગુરુવારે સ્પેસવૉક કર્યું હતું. આ જોડીએ ISS ની બહાર નિકળીને ડિગ્રેડેડ રેડિયો કોમ્યુનિકેશન હાર્ડવેરને દૂર કર્યું હતું અને એવા નમૂનાઓ એકત્રિત કર્યા હતા જે બતાવી શકે કે પરિભ્રમણ પ્રયોગશાળાના બાહ્ય ભાગમાં સુક્ષ્મસજીવો અસ્તિત્વ ધરાવે છે કે નહીં. સ્પેસવૉક સવારે ૭:૪૩ વાગ્યે પૂર્વીય સમય (ET) પર શરૂ થયુ અને બપોરે ૧:૦૯ વાગ્યે ET પર સમાપ્ત થયું, જે ૫ કલાક અને ૨૬ મિનિટ ચાલ્યું હતું.

આ વિલિયમ્સ માટે નવમું સ્પેસવૉક હતું અને વિલ્મોર માટે પાંચમું હતું.

નાસા અવકાશયાત્રી સુની વિલિયમ્સે ભૂતપૂર્વ અવકાશયાત્રી પેગી વ્હિટસનના ૬૦ કલાક અને ૨૧ મિનિટના કુલ સ્પેસવૉક સમયને પાછળ છોડી દીધો છે," નાસાએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

તેમણે મહિલા અવકાશયાત્રી દ્વારા કુલ સ્પેસવૉક સમયનો વ્હિટસનનો રેકોર્ડ તોડી નાખ્યો. નાસા અનુસાર, વિલિયમ્સનો હવે કુલ સ્પેસવૉક સમય 62 કલાક અને 6 મિનિટ છે, જે નાસાની સર્વકાલીન યાદીમાં ચોથા ક્રમે છે.

2012 માં, ISS ની ટ્રીપ દરમિયાન, વિલિયમ્સ અવકાશમાં ટ્રાયથ્લોન પૂર્ણ કરનાર પ્રથમ વ્યક્તિ બન્યા, જે દરમિયાન તેણીએ વેઇટ-લિફ્ટિંગ મશીનનો ઉપયોગ કરીને સ્વિમિંગનું સ્ટીમ્યુલેશન કર્યું અને ટ્રેડમિલ પર દોડી હતી, તે સમયે એક દોરડા વડે અવકાશ મથક સાથે બંધાઇ રહી હતી જેથી અવકાશમાં દૂર નહીં નિકળી જાય.